**અમદાવાદના મહે.૩૩માં એડીશનલ ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી (ને.ઈ.એકટ)ની કોર્ટ નં.૩૦,અમદાવાદ શહેર.**

---

**C.C. No. 47698/2022**

**આંક–૧ લગત હુકમ**

**૧.** ફરીયાદી ધ્વારા ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની ફરીયાદ અત્રેની અદાલતમાં રજુ કરવામાં આવેલ.

**૨.** સદર કામે ફરીયાદી તથા તેમના વિ.વકીલશ્રી ધ્વારા હાલની ફરીયાદ આગળ ચલાવવા માંગતા ન હોવાની રજુઆત કરેલ છે તેમજ હાલની ફરીયાદ બિનશરતી વિડ્રો કરવા માંગતા હોવાની પુરસીસ રજુ કરેલ છે. જેથી, ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૭ ને ધ્યાને લેતાં, હાલના કામે ફરીયાદી તથા આરોપી વચ્ચે કોર્ટ બહાર સમાધાન થઈ ગયેલ હોઈ, ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૭ મુજબ હાલની ફરીયાદ માંડવાળ થવાને પાત્ર હોઈ, હાલની ફરીયાદ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૭ હેઠળ વિડ્રો કરવા ફરીયાદીને પરવાનગી આપવામાં આવે છે તથા આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. હાલનો કેસ વિડ્રોથી ફેંસલ કરવામાં આવે છે.

હુકમ આજ <u>તા.૦૮મી,માહે–માર્ચ,વર્ષ:૨૦૨૫</u>ના રોજ લોક અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ:૦૮–૦૩–૨૦૨૫
સ્થળ:અમદાવાદ શહેર.

**(કિરીટકુમાર બી.વાઘેલા)**
૩૩માં એડીશનલ ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૩૦,અમદાવાદ શહેર.
(GJ01142)

(Steno-JM)